**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૨૬.૮ ડીગ્રી
લઘુતમ : ૧૧.૨ ડીગ્રી
ભેજ
સવારે ૬૯ ટકા ● સાંજે ૭૪ ટકા

# શહેરમાં ગુજરાત પોષણ અભિયાનનો કાર્યક્રમ

ગાંધીનગર, તા.૧

સ્વસ્થ અને તંદુરસ્ત ગુજરાતનું નિર્માણ કરવાની શક્તિ આંગણવાડીની બહેનો પાસે છે, તેવું આજરોજ ગાંધીનગર મહાનગરપાલિકા વિસ્તારમાં યોજાયેલ ગુજરાત પોષણ અભિયાન નો આરંભ કરાવતાં ગૃહ રાજય મંત્રી શ્રી પ્રદિપસિંહ જાડેજાએ જણાવ્યું હતું.



ગુજરાત દેશના વિકાસનું ગ્રોથ એન્જિન છે, તેવું જણાવી ગૃહ રાજય મંત્રી શ્રી પ્રદિપસિંહ જાડેજાએ જણાવ્યું હતું કે, સર્વાંગી વિકાસ કરતાં ગુજરાત રાજયની ઓળખ સંવેદનશીલ સરકારનું નેતૃત્વ કરતાં મુખ્ય મંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી અને નાયબ મુખ્ય મંત્રી શ્રી નિતીનભાઈ પટેલ ગુજરાતની ઓળખ કુપોષણ મુક્ત રાજય તરીકે કરવા માંગી રહ્યાં છે. જેની ફલશ્રૃતિ રૂપે સમગ્ર રાજયમાં ત્રણ વર્ષ માટે આ ત્રિદિવસીય ગુજરાત પોષણ અભિયાનનો આરંભ કરવામાં આવ્યો છે.

ગાંધીનગર મહાનગરપાલિકાના મેયર શ્રીમતી રીટાબેન કેતનકુમાર પટેલે જણાવ્યું છે કે, આજનું બાળક તંદુરસ્ત હશે, તો દેશનું ભવિષ્ય ઉજ્જવળ હશે. કુપોષણ મુક્ત ગુજરાતનું નિર્માણ કરવાના સરકારના ઉમદા અભિગમમાં નાગરિકોનો સાથ- સહકાર ખૂબ જરૂરી છે. કુપોષિત બાળકની જવાબદારી પાલક વાલી તરીકે લેવી તે કામ પણ પ્રસંશનીય અને પૂણ્ય મળે તેવું છે.

આ કાર્યક્રમનો આરંભ પોષણ આરતી કરી ને કરવામાં આવ્યો હતો. મંત્રી શ્રી પ્રદિપસિંહ જાડેજા અને મહાનુભાવોના હસ્તે બાળ તંદુરસ્તી હરિફાઈ, વાનગી હરિફાઈ અને પાલક વાલી તરીકે કુપોષણ બાળકની જવાબદારી લેનાર મેયર શ્રી રીટાબેન પટેલ, ડેપ્યુટી મેયર શ્રી નાઝાભાઈ ઘાંઘલ અને અન્ય પાલક દાતાશ્રીઓનું સન્માન કરવામાં આવ્યું હતું. તેમજ જયુસ પીવડાવી અન્ન પ્રાશનનો આરંભ કરવામાં આવ્યો હતો. ટેક હોમ રાશનની કિટસનું પણ વિતરણ કરવામાં આવ્યુંહતું. તેમજ પોષણ અંગેની જાગૃત્તિ આપતાં પોષણ અદાલત નું નાટક, 'ગુજરાત પોષણ અભિયાન – ૨૦૨૦-૨૨' તથા 'અમૂલ્ય ૧૦૦૦ દિવસ'ની ટુંકી ફિલ્મ પણ રજૂ કરવામાં આવી હતી.



આ પ્રસંગે ગાંધીનગર મહાનગરપાલિકાના ડેપ્યુટી મેયર શ્રી નાઝાભાઈ ઘાંઘલ, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન શ્રી દેવેન્દ્રસિહ ચાવડા, એડીશનલ ડી.જી. ગૌત્તમ મિર્ઝા, જિલ્લા કલેકટર શ્રી ડૉ. કુલદીપ આર્ય, ગાંધીનગરના મ્યુનિસિપલ કમિશનર શ્રી ડૉ. રતનકંવર ગઢવીચારણ, જિલ્લા વિકાસ અધિકારી શ્રી આર.આર. રાવલ, ગાંધીનગર મહાનગરપાલિકાના કાર્પોરેટરશ્રીઓ સહિત મોટી સંખ્યામાં નગરજનો ઉપસ્થિત રહ્યાં હતાં.

## સે-૬ આંગણવાડીના બાળકો સાથે પ્રદિપસિંહની ગોષ્ઠી



ગાંધીનગર જિલ્લા કક્ષાના ગુજરાત પોષણ અભિયાન કાર્યક્રમમાં મંત્રી શ્રી પ્રદિપસિંહ જાડેજાએ સૌ પ્રથમ સેકટર-૬ માં આવેલી આંગણવાડીની મુલાકાત લીધી હતી. બાળકો સાથે ગોષ્ઠી કરી હતી. તેમણે આંગણવાડીના બાળકો નયન સંદિપભાઈ પટ્ટણી, રિધ્ધી ધ્યાન ભરવાડ અને આરાધ્ય ગૌરવભાઈ રાંણવાને પ્રશ્નો પુછ્યા હતા. જેમાં આ ત્રણ બાળકોને નાસ્તામાં શીરો આપવામાં આવે છે. જે તેમને ખૂબ ભાવે છે. તેમ જણાવ્યું હતું. આ આંગણવાડીના ૨૮ પૈકી ૨૮ બાળકો હાજર હતા. મંત્રીશ્રીએ બાળકોને નખ કેમ કાપવામાં આવે છે, તેવો પ્રશ્ન પુછતાં જણાવ્યું કે નખમાં મેલ ભરાઈ જાય છે. જે મોમા જતાં રોગ થાય છે. જેથી નિયમિત સફાઈ કરવી જોઈએ, તેમ જણાવ્યું હતું. આંગણવાડીની મુખ્ય સેવિકા બહેને બાળકોને પ્રાણીઓના ચિત્રો બતાવીને ઉંટ, હાથી, ગાય, વાઘ જેવા પ્રાણીઓની ઓળખ કરાવી હતી.

મંત્રીશ્રી જાડેજાએ ભરેલાં પત્રકો ચકાસીને બાળકોના વજન અને ઉંચાઈની માહિતી મેળવી હતી. તેમજ નિયમિત અપાતા આહારની ચકાસણી કરી હતી.

## ગાંધીનગર જિલ્લામાં યોજાનાર વિવિધ સ્પર્ધામાં ભાગ લેવા ઈચ્છતા ખેલાડીઓ જોગ

ગાંધીનગર, તા.૧

યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, ગાંધીનગર અને જિલ્લા રમત ગમત અધિકારી, ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે ગાંધીનગર શહેર અને ગ્રામ્ય જિલ્લા કક્ષાએ સીનીયર સીટીઝન માટે એથ્લેટીક્સ, વોલીબોલ, યોગાસન, કેરમ, ચેસ, રસ્સાખેંચ અને ક્રિકેટની સ્પર્ધાનું આયોજન આગામી દિવસોમાં કરવામાં આવનાર છે.

સ્પર્ધામાં ભાગ લેવા ઈચ્છતા ખેલાડીઓ તેમની અરજી નામ, સરનામા તથા ફોન નંબર સાથે જિલ્લા રમત ગમત અધિકારીશ્રીની કચેરી, છઠ્ઠો માળ, સહયોગ બિલ્ડીંગ, સેકટર-૧૧, ગાંધીનગર ખાતે કચેરી સમય દરમ્યાન તા. ૧૦ ફેબ્રુઆરી, ૨૦૨૦ સુધીમાં રૂબરૂ કે ટપાલ કે કુરિયરથી મોકલી આપવાની રહેશે. સમય મર્યાદા બાદ આવેલી અરજીઓ ધ્યાને લેવામાં આવશે નહિ. વધુ માહિતી માટે જિલ્લા રમતગમત અધિકારીશ્રીની કચેરીનો સંપર્ક કરવા જિલ્લા રમતગમત અધિકારીશ્રીએ જણાવ્યું છે.

## કોરોના વાઈરસને લઈ તંત્રને જરૂર પડે ત્યારે ગુજરાત નર્સિંગ યુનિયનનો સ્ટાફ માનદ સેવા પુરી પાડશે

ગાંધીનગર, તા.૧

ચીનમાં કોરોના વાઈરસે હાહાકાર મચાવ્યો છે. આ વાઈરસને પગલે સમગ્ર દેશ ચિંતિત છે. કોરોના વાઈરસને પગલે રાજયનું આરોગ્ય તંત્ર પણ એલર્ટ મોડ પર છે. ત્યારે ગુજરાત નર્સિંગ યુનિયનની ટીમે કોઈપણ પરિસ્થિતિમાં આરોગ્ય વિભાગ માટે માનદ સેવાની ફરજ બજાવવા માટે તત્પરતા દર્શાવી છે.

કોરોના વાઈરસનો પગલે રાજયમાંથી ચીનમાં અભ્યાસ કરવા ગયા છે તે વિદ્યાર્થીઓ પણ પરત ફરી રહ્યા છે. એટલુ જ નહી કોરોના વાયરસે અન્ય દેશોમાં પણ દેખાળો દીધો છે. ભારતમાં પણ કેરાલામાં ખાતે એક કેસ નોંધાયો છે. કોરોના વાઈરસની ગંભીરતાને જોતા વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન દ્વારા સમગ્ર વિશ્વમાં આરોગ્ય વિભાગની ઈમરજન્સી જાહેર કરવામાં આવી છે. ત્યારે રાજય સરકારને જયારે પણ જરુર પડશે ત્યારે ગુજરાતનો નર્સિંગ સ્ટાફ રાઉન્ડ ધ કલોક સેવા કરશે. તેમ રાજયના મુખ્યમંત્રીને લેખિત ખાતરી આપવામાં આવી છે. યુનિયન કપરા સમયે ખભે થી ખભે મિલાવી કામ કરશે. ગુજરાત નર્સિંગ યુનિયનના જણાવ્યા મુજબ રાજયમાં નર્સિંગનો સ્ટાફ ખુબ જ મજબુતીથી આ પ્રકારના રોગો સામે લડત આપે તે રીતે તૈયાર થયો છે.

## ગુજરાત વિધાનસભા ખાતે સ્વાતંત્ર્ય સેનાની શ્રી અબ્બાસ તૈયબજીને પુષ્પાંજલિ

સ્વાતંત્ર્ય સેનાની શ્રી અબ્બાસ શમશુદીન તૈયબજીના ૧૬૭મા જન્મ દિવસ નિમિત્તે તા.૧ ફેબ્રુઆરી ૨૦૨૦ના રોજ ગુજરાત વિધાનસભા ખાતે પોડિયમમાં આવેલા તેમના તૈલચિત્રને વિધાનસભાના નાયબ સચિવ એ. બી. કરોવા દ્વારા પુષ્પાંજલિ આપવામાં આવી હતી.



આ કાર્યક્રમમાં વિધાનસભાના ઉચ્ચ અધિકારીઓ/ કર્મચારીઓએ ઉપસ્થિત રહીને ધર્મપ્રેમી, પ્રામાણિક, ન્યાયી અને ખુદાની બંદગી કરનાર શ્રી અબ્બાસ તૈયબજીના જીવનકાળના સંસ્મરણો યાદ કરી, તેમના તૈલચિત્રને પુષ્પ અર્પણ કર્યાં હતા.

## સેક્ટર-૩૦ ઝુલેલાલ મંદિર પાસેથી દારૂ ભરેલી ફ્રન્ટી કાર ઝડપાઈ

ગાંધીનગર, તા.૧

ગાંધીનગર શહેરના સેકટર-૨૧ પોલીસ મથકના ઈન્ચાર્જ પીઆઈ પી.પી.વાઘેલાના માર્ગદર્શન હેઠળ ડી સ્ટાફમાં ફરજ બજાવતા કર્મચારીઓ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા. તે દરમિયાન અ.હે.કો.મગનસિંહ ભીમસિંહને ખાનગી રાહે બાતમી મળી હતી કે એક અલ્ટો ગાડી નંબર આર.જે.૧૮.સી.સી.-૮૮૦૯ રાજસ્થાનથી ગાડીમાં વિદેશી દારૂ ભરી ગાંધીનગર ખાતે કોઈ બુટલેગરને ત્યાં દારૂની ડીલીવરી આપવાની છે. તે ગાડી ગાંધીનગર સેકટર-૩૦ ખાતે ઝુલેલાલ મંદિર સામે આવી ઉભી રહેનાર છે. જેને પગલે સેકટર-૩૦ ઝુલેલાલ મંદિર પાસે પોલીસના તમામ જવાનો વોચમાં ગોઠવાઈ ગયા હતા. તે સમય દરમિયાન એક અલ્ટો ગાડી નં. આર.જે.૧૮.સી.સી.૮૮૦૯ ની આવીને ઉભી રહી હતી. જેને પગલે પોલીસે ગાડી ચાલક અંકિત જગદીશ પ્યારેલાલ જાટ (ઉં.વ.૨૦, રહે.હંસાવાસકલા તા.થાના બાઢડા, જી.ભીવાની હરીયાણા) ને પકડી પાડી ગાડીના બોનેટ તેમજ ગાડીના ચારેય દરવાજા ના પડખા એક પછી એક ખોલીને ચેક કરતા અંદરથી વિદેશી દારુની ૮૯ બોટલ કિં.રૂ.૪૪,૫૦૦, મોબાઈલ ફોન કિં.રૂ.૫૦૦૦ અને અલ્ટો ગાડી કિં.રૂ. ૨,૧૦,૦૦૦ મળી કુલ રૂ. ૨,૫૯,૫૦૦ના મુદ્દામાલ સાથે એક શખ્સની અટકાયત કરી કાયદેસરની કાર્યવાહી પોલીસે હાથ ધરી છે.

## સે-૨૮ જીઆઈડીસીમાં રખડતા ઢોર અને કૂતરાનો વધતો ત્રાસ

ગાંધીનગર, તા.૧

ગાંધીનગરના દરેક સેકટરોમાં રખડતા ઢોર અને કૂતરાંઓનો ત્રાસ વધતો જાય છે. વારંવાર સેકટરવાસીઓની ફરિયાદ કરવા છતાં એક સેકટરમાંથી બીજા સેકટરમાં કૂતરાઓને પકડીને છોડી દેવાના કિસ્સા સેકટરવાસીઓ કહેતા થાકતા નથી. આમ જ સે-૨૮ જીઆઈડીસીમાં રખડતા ઢોર અને કૂતરાંઓનો ત્રાસ વધતો જાય છે. સવારે સે-૨૮માં ડોર ટુ ડોર કચરો એકઠો કરવા આવતા દિનેશભાઈને શેરીના કૂતરાએ બટકું ભરી લીધું હતું. જેનાથી ત્યાંના રહીશોમાં પણ ગભરાટ જોવા મળ્યો હતો.





સે-૨૮ જીઆઈડીસીમાં રખડતા ઢોર અને કૂતરાંઓનો ત્રાસ વધતો જાય છે. વારંવાર ફરિયાદ કરતા હોવા છતાં તંત્ર દ્વારા કોઈ પગલા લેવામાં આવતા નથી. આજના જ બનાવમાં સે-૨૮ જીઆઈડીસી પાસે ડોર ટુ ડોર કચરો એકઠો કરવા આવતી મ્યુનિસીપાલીટીની ગાડી જીજે ૧૮ એઝેડ ૫૦૯૮ના ડ્રાઈવર અને સહકર્મચારી દિનેશભાઈ સોલંકી ફરજ દરમિયાન કચરો એકઠો કરતા હતા ત્યારે આ પ્લોટમાં ફરતા શેરીના કુતરાએ દિનેશભાઈને જબરદસ્ત બટકું ભરી લીધુ હતું. જેની જાણ થતાં જ સોકટરવાસીઓએ દોડી આવીને કુતરાને મુશ્કેલીથી ભગાડયું હતું. દિનેશભાઈને દેશી પ્રાથમિક સારવાર આપવામાં આવી હતી. આવા અનેક કુતરાઓના ઝુંડ જીઆઈડીસીમાં ઠેર ઠેર જોવા મળી રહ્યા છે અને આ રખડતા કુતરાઓ રાહદારીઓ અને દ્વિચક્રીય વાહનોની પાછળ દોડતા હોય છે જેને લીધે અકસ્માત થવાનો ભય રહે છે. આ ડરના માહોલ સામે જીઆઈડીસીના રહીશો અને ફેકટરી માલિકો રક્ષણ અને કાયમી ઉકેલની માંગ કરી રહ્યા છે.

## લક્ષ્મીની પેટીસ, તૃપ્તિની લસ્સી, પૂજના ઢોકળા અને રાધેની સ્વીટ આજે પણ વખણાય છે

### મહારાજના દાળવડા માટે સે-૧૭ અને પૌષ્ટિક કઠોળ માટે નિર્માણ ભવન પાસે જવું પડે

**સ્વાદના સરનામા**

**સંકલન : મોનિકા ઠક્કર**

ગાંધીનગર, તા.૧

ગાંધીનગરની ઓળખ અલગ અલગ રીતે થઈ રહી છે. કયારેક ફૂલોની તો કયારેક મંદિરોની નગરી, કયારેક સ્માર્ટસીટી તો કયારેક સોલાર સિટી પણ આજે અમારે નવી ઓળખ વિશે વાત કરવી છે. ધીમે ધીમે ગાંધીનગર સ્વાદ નગરી બની રહી છે. સરદારની હોટલથી શરૂ થયેલી શહેરની સ્વાદ યાત્રા મેકડોનાલ્ડના મુકામે પહોંચી છે. પાંચ દાયકા પહેલા એક અને એક માત્ર સરદારની હોટલ પર 'ચા'ની ચુસ્કીઓ સંભળાતી હતી ત્યારે આજે પીઝા, પાસ્તાના હબ સમા મેકડોનાલ્ડસ અને ડોમીનોઝ પણ શહેરમાં અડ્ડો જમાવીને બેઠા છે. કાળક્રમે લક્ષ્મીની પેટીસ, તૃપ્તિની લસ્સી, પુજાના ઢોકળા, મયુરના ભજીયા, રાધેની સ્વીટ, આદર્શની થાળી અને શકિતની ચોળાફળી શહેરના સ્વાદના



સરનામા બન્યા હતા પરંતુ શહેરના વિસ્તાર અને વિકાસની સાથે સાથે સ્વાદના સરનામા પણ વધતા ગયાં. એક સમય હતો કે, ગાંધીનગરમાં કાજુકતરી પણ મળતી નહોતી તે માટે અમદાવાદ જવું પડતું. આજે અમદાવાદ જ નહી ગુજરાતના લોકો રાધેની સ્વીટ પસંદ કરે છે. બદલાતા પરિમાણો શહેરને સ્વાદનગરીની ઓળખ અપાવી રહ્યા છે.

આજે શહેરના સેકટરમાં કયાં શું મળે છે? એની વાત માંડશું. સૌ પહેલા ફરસાણની વાત કરીએ તો જુના સચિવાલય મીના બજારમાં મળતા રાજકોટ લાઈવના મીક્ષ ભજીયા અને ટીકડી સાથે મયુરના ભજીયા અને લસણ બટેકાના ભજીયા, સૌરાષ્ટ્ર નાસ્તા હાઉસના વણેલા ગાંઠીયા અને સ્વાદિષ્ટ ચટણી સાથે નવદુર્ગાના ખમણ અને પાત્રા આરોગવાની મજા જ કાંઈક અલગ છે. યંગસ્ટર્સનો ચહિતો પૌષ્ટિક આહાર મગ અને મસાલા ચણા જે નિર્માણભવન પાસે મળે છે આ સાથે ભુંગળા બટાકા ખાવા હોય તો ઘ-૪ ઉદ્યોગ ભવન સામે બાપાસીતારામના જ. જેતપુરના ઘૂઘરા પણ ત્યાં જ મળે છે. ઈડલી અને દાળ



પકવાન માટે સે-૧૧ રાજધાની હાર્ડવેરની સામે સાંઈકૃપામાં અને જો તમે બીએસએનએલ હેડ ઓફીસ પાસેથી નીકળો તો ભૂરી રીક્ષામાં મળતા બટાકા વડા અને ચીપ્સના ભજીયાનો ટેસ્ટ તો કરવો જ પડે!! ઢોકળા તો પૂજા પાર્લરના જ. શહેરીજનોમાં પહેલેથી જ



અહીંના ઢોકળાનો ક્રેઝ જોવા મળ્યો છે. સાથે અહીંની અને ઘ-૫ સ્થિત વૈષ્ણવની પાણીપુરી નો તો ઘર જેવો જ સ્વાદ. થેપલા, દહીં, હાંડવો અને કચોરી સૌરાષ્ટ્ર ફરસાણ સે-૨૧ના અને રાધે સે-૧૧ની દહીં કચોરી નારિયેળ પેટીસ તેમજ સિઝનલ પનીર જલેબીની તો વાત જ થાય તેમ નથી!! દહીંવડા, જલેબી, માલપુંઆ કે મુઠીયા ખાવાની ઈચ્છા થાય તો સે-૧૧ સ્થિત બંસરીમાં જવું જ રહ્યું સાથે સે-૧૭ મહારાજના દાળવડા પ્રખ્યાત છે જ પણ સે-૬ અપનાબજારની સામે મળતા ગુજરાતના દાળવડાનો ટેસ્ટ કયાંય કમ નથી અને જો આઈસ્ક્રીમ કે લસ્સી પીવાનું મન થાય તો સે-૧૬માં તૃપ્તિ તો જૂનું અને જાણીતું છે.

આમ, ગાંધીનગર સમાચારને તો અહીં દર્શાવેલ તમામ જગ્યાની ખાણી પીણી માફક આવી અને હવે દર રવિવારે શહેરમાં મળતી વિવિધ વાનગીની સોડમ માણતા રહીશું.

## મુવી હાઉસ

### સિટી પલ્સ, કુડાસણ

**સ્ટ્રીટ ડાન્સર ૩ (૨-ડી)**
૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦
**સ્ટ્રીટ ડાન્સર ૩ (૩-ડી)**
૧૧.૪૫, ૫.૪૫
**તાન્હાજી (૩-ડી)**
૩.૦૦, ૯.૩૦
**ગુડ ન્યૂઝ** - ૧૦.૦૦
**પંગા** - ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦
**ચાલ જીવી લઈએ (ગુજરાતી)**
૧.૦૦
**કેમ છો? (ગુજરાતી)**
૭.૦૦
**હેલ્લારો (ગુજરાતી)**
૪.૦૦

### પી.વી.આર, સિનેમેક્સ, સે-૧૧

**સ્ટ્રીટ ડાન્સર**
૧.૧૫, ૭.૧૫
**તાન્હાજી**
૧૦.૧૫, ૪.૧૫, ૧૦.૧૫
**પંગા** - ૫.૧૫
**જવાની જાને મન**
૯.૦૦, ૧૧.૪૦, ૨.૨૦, ૫.૦૦, ૭.૪૫, ૧૦.૩૦
**બેડ બોયઝ ફોર લાઈફ**
૯.૦૦, ૧૧.૪૫, ૨.૩૦, ૮.૦૦, ૧૦.૪૫
**ચાલ જીવી લઈએ (ગુજરાતી)**
૭.૦૦
**હેપ્પી હાર્ડી એન્ડ હીટ**
૧.૦૦
**લવની લવ સ્ટોરી (ગુજરાતી)**
૧૦.૦૦, ૪.૦૦, ૧૦.૦૫

### આર વર્લ્ડ, આઈનોક્સ, સે-૧૬

**જવાની જાને મન**
૯.૦૫, ૧૧.૪૦, ૨.૧૫, ૪.૫૦, ૭.૨૫, ૧૦.૦૦
**હેપ્પી હાર્ડી એન્ડ હીટ**
૪.૫૫, ૧૦.૩૦
**બેડ બોયઝ ફોર લાઈફ**
૯.૧૦, ૨.૪૫, ૫.૨૫, ૧૦.૪૫
**લવની લવ સ્ટોરી (ગુજરાતી)**
૧૧.૫૦, ૭.૩૫
**સ્ટ્રીટ ડાન્સર**
૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૧૦.૦૦
**પંગા** - ૭.૧૫
**તાન્હાજી**
૧૦.૧૦, ૧.૦૦, ૩.૫૦, ૬.૪૦, ૯.૩૦

### આર વર્લ્ડ, આઈનોક્સ, સે-૨૧

**જવાની જાને મન**
૯.૫૦, ૧૨.૨૫, ૩.૦૦, ૫.૩૫, ૮.૧૦, ૧૦.૪૫
**હેપ્પી હાર્ડી એન્ડ હીટ**
૪.૪૫
**ગુલ મકઈ**
૨.૦૦
**બેડ બોયઝ ફોર લાઈફ**
૧૦.૦૫, ૧૨.૫૦, ૬.૫૫, ૯.૪૫
**લવની લવ સ્ટોરી (ગુજરાતી)**
૧.૨૦, ૧૦.૧૫
**સ્ટ્રીટ ડાન્સર**
૧૦.૨૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦
**પંગા** - ૧૧.૧૫
**ચાલ જીવી લઈએ (ગુજરાતી)**
૩.૪૦
**તાન્હાજી**
૧૦.૪૦, ૧.૩૦, ૪.૨૦, ૭.૧૦, ૧૦.૦૦

## આજે ગાંધીનગરમાં

- માતૃભાષા અભિયાન અને પુસ્તક પરબ સે-૬ શાખા દ્વારા સે-૬ બગીચા ખાતે સવારે ૮.૩૦ થી ૧૧.૩૦ દરમિયાન પુસ્તક પરબ યોજાશે.
- વિહાન પેટ કલિનિક દ્વારા આજે શ્વાન માટે જી.એફ. ૩ અને ૪ કાનમ રેસીડેન્સી-૧ કુડાસણ ખાતે સવારે ૯ થી ૧ દરમિયાન નિઃશુલ્ક શ્વાન સારવાર કેમ્પ યોજાશે.

## ચિરવિદાય

- સ્વ. કાન્તાબેન કાલીદાસ લીંબાચીયા, ઉ.વ. ૮૨
- સ્વ. પ્રજાપતિ કાન્તાબેન મફતલાલ, ઉ.વ. ૬૦
- સ્વ. જીતીબેન શંભુભાઈ ચૌધરી, ઉ.વ. ૭૭
- સ્વ. સોલંકી ઉદાજી શીવાજી, ઉ.વ. ૬૬
- સ્વ. શાંતાબેન સવજીભાઈ પટેલ, ઉ.વ. ૭૪